# બજાજ ઈલેક્ટ્રિકલ્સ ક્યુઆઈપી મારફત રૂા. ૧૭૫ કરોડ ઊભા કરશે, શૅરનું વિભાજન કરશે

મુંબઈ, તા. ૩૦ ઑક્ટો. બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિ. ક્યુઆઈપી મારફત રૂા. ૧૭૫ કરોડ ઊભા કરશે અને અત્યારની રૂા. ૧૦ની ભરપાઈ થયેલી કિંમતના ઈક્વિટી શૅરનું રૂા. ૨ની કિંમતના શૅરમાં વિભાજન કરશે, એમ કંપનીના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર અનંત બજાજે 'વ્યાપાર'ને જણાવ્યું હતું.

બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિ.નું વેચાણ તા. ૩૦ સપ્ટેમ્બર ૨૦૦૯ના પૂરા થયેલા બીજા ત્રિમાસિક ગાળામાં ૩૫ ટકા વધી રૂા. ૫૧૨ કરોડ થયેલ છે. જે આગલા વર્ષના આ જ ગાળામાં રૂા. ૩૭૯ કરોડ હતું. કરવેરા પૂર્વેનો નફો ૧૩૨ ટકા વધી રૂા. ૪૪.૪ કરોડ થયેલ છે જે રૂા. ૧૯.૧ કરોડ હતો. ચોખ્ખો નફો ૧૩૯ ટકા વધી રૂા. ૨૯.૨ કરોડ થયેલ છે જે આગલા વર્ષના આ જ ગાળામાં રૂા. ૧૨.૨ કરોડ હતો.

૨૦૦૯-૧૦ના પ્રથમ ૬ મહિનામાં ચોખ્ખું વેચાણ ૨૬ ટકા વધી રૂા. ૮૭૮ કરોડનું થયું છે જે આગલા વર્ષના આજ ગાળામાં રૂા. ૬૯૭ કરોડનું હતું. કરવેરા પૂર્વેનો નફો બમણો થઈ રૂા. ૬૯.૬ કરોડ થયો છે. ચોખ્ખો નફો ૧૦૫ ટકા વધી રૂા. ૪૫.૫ કરોડ થયો છે જે રૂા. ૨૨.૨ કરોડ હતો. બજાજ ઈલેક્ટ્રિકલ્સ લિ.ના કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને એન્જિનિયરિંગ પ્રોજેક્ટોએ ઘણી સારી કામગીરી દર્શાવી છે. આ વિભાગ પાસે રૂા. ૮૦૦ કરોડના ઑર્ડરો હાથ પર છે.